RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 295* Date: 22.08.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ઝાયડસ ડિસેમ્બર સુધીમાં ૩-૪ કરોડ ડોઝનું ઉત્પાદન કરશે

# ઝાયડસ વેક્સિન બાળકો માટેની રસી ટુંક જ સમયમાં બજારમાં લાવશે



અમદાવાદ,૨૧

ઝાયકોવ-ડી સાથે આ ઐતિહાસિક સિદ્ધિ છે કે ભારતીય ઈનોવેશન વિશ્વની પ્રથમ માનવીના ઉપયોગ માટે ડીએનએ વેક્સિન બની છે તથા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનને સપોર્ટ કરે છે. અમને ખુશી છે કે અમારી રસી કોવિડ-૧૯ સામેની લડાઈમાં યોગદાન આપશે તેમજ વિશેષ કરીને ૧૨-૧૮ વર્ષના વયજૂથની વિશાળ જનસંખ્યાનું રસીકરણ કરશે. હું તમામ સંશોધકો, ક્લિનિકલ ટ્રાયલ ઈન્વેસ્ટિગેટર્સ, સ્વયંસેવકો અને નિયમનકારોનો આભારી છું કે જેમણે આ પ્રયાસમાં સહયોગ કર્યો છે.ઝાયડસ કેડિલાને કોવિડ-૧૯ માટે વિશ્વની પ્રથમ પ્લાઝમિડ ડીએનએ વેક્સિન ઝાયકોવ-ડી માટે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઇ) તરફથી ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઇયુએ) મેળવ્યું છે. આ અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શર્વિલ પટેલે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં પ્રોડક્શન શરૂ કરવામાં આવશે અને સપ્ટેમ્બરના બીજા સપ્તાહ બાદથી અમારી રસી બજારમાં મળતી થઈ જશે. પ્રારંભિક તબક્કે સપ્ટેમ્બર અંત સુધીમાં ૩૦-૪૦ લાખ ડોઝનું ઉત્પાદન કરવાનો પ્લાન છે.

વેક્સિનનો ભાવ ૨-૩ સપ્તાહમાં નક્કી થઈ જશે અમને ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન મળ્યું છે અને હવે રસીનું ઉત્પાદન શરૂ કરી રહ્યા છીએ. આ વેક્સિનનો ભાવ કેટલો રહેશે એના ઉપર અમે કામ કરી રહ્યા છીએ અને આ અંગે આગામી ૨-૪ સપ્તાહમાં સ્પષ્ટતા થઈ જશે. પ્રોડક્શનમાંથી સરકારને સપ્લાય કરવા અને કોમર્શિયલ વેચાણ અંગે હવે નિર્ણય લેવાશે. જોકે પહેલી પ્રાથમિકતા ગવર્નમેન્ટ સપ્લાયને આપવામાં આવશે. શર્વિલ પટેલે કહ્યું હતું કે વેક્સિનનું ઉત્પાદન વધારવા માટે અમે કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરિંગ પર કામ કરી રહ્યા છીએ અને આ માટે ૩-૪ કંપની સાથે વાત પણ ચાલુ છે. આ અંગેનો નિર્ણય આગામી બેથી ત્રણ મહિનામાં લેવાઈ જશે. આ ઉપરાંત વેક્સિનના ટેકનોલોજી ટ્રાન્સફરની પણ અમારી યોજના છે. જોકે આ ક્યારે થશે એ અંગે અત્યારે કહેવું મુશ્કેલ છે. ભારતની જેમ અન્ય દેશો અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉઝ્ઁ) પાસેથી ઢઅર્જફ-ઢ માટે મંજૂરી માટે આગામી ૫-૬ મહિના બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. અત્યારે અમારું ફોકસ ભારતમાં રસીની જરૂરિયાત પૂરી કરવા પર છે. આવતા એક સપ્તાહમાં સરકાર સાથે વાત શરૂ થશે અને તેમની જરૂરિયાત અને ભાવ અંગે ચર્ચા થશે. વિદેશથી પણ રસીને લઈને અમને પૂછપરછ આવી રહી છે. વેક્સિનની ટેક્નોલોજી ટ્રાન્સફર બાબતે આવનારા ૩-૪ મહિનામાં નિર્ણય લેવાશે. ૨-૮ ડીગ્રી તાપમાનમાં આ વેક્સિનને ત્રણ મહિના સુધી સાચવી શકાય છે. આ ઉપરાંત એને ૨૫ ડીગ્રી સુધીના તાપમાનમાં પણ કોઈ ખરાબ અસર થતી નથી. દેશના દરેક ખૂણામાં વેક્સિન પહોંચે એના માટે પણ કંપની એક અલગ નેટવર્ક ચેનલ ઊભી કરી છે. ઝાયકોવ-ડી ત્રણ ડોઝ ધરાવતી રસી છે, જે પ્રથમ દિવસે, ૨૮મા દિવસે અને ત્યાર બાદ ૫૬મા દિવસે લગાવવામાં આવશે. આ મંજૂરી સાથે ભારત પાસે વયસ્ક વસતિ ઉપરાંત ૧૨-૧૮ વર્ષના વયજૂથ માટે પ્રથમ કોવિડ-૧૯ રસી છે. આ રસી મોટા લોકોની જેમ નાનાં બાળકો માટે પણ એટલી જ અસરકારક છે. અમે ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન ૧૪૦૦ જેટલાં બાળકો ઉપર આનું પરીક્ષણ કર્યું હતું અને કોઈને પણ ખાસ તકલીફ પડી ન હતી. ક્લિનિકલ ટ્રાયલના ફેઝ-૩નાં પરિણામો આવવાનાં બાકી છે અને આવનારા એક મહિનામાં એ આવી શકે છે.

# અફઘાનમાંથી ભારતીયોને એરલિફ્ટ કરવાની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી,૨૧

આ વિમાન દ્વારા ૨૫૦ લોકો ભારત પરત આવે એવી અપેક્ષા છે, પરંતુ એ જોવાનું બાકી છે કે કેટલા લોકો કાબુલ એરપોર્ટ પર પહોંચી શકે છે, કારણ કે એરપોર્ટ તરફ જતા રસ્તાઓ પર તાલિબાનો ઊભા રહ્યા છે. જોકે તાલિબાન પણ દાવો કરી રહ્યા છે કે તે અન્ય દેશોના લોકોને બહાર જતા અટકાવશે નહીં. અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન વચ્ચે કાબુલ એરપોર્ટ પર અફરાતફરી સર્જાયેલી છે. તમામ દેશો પોતાના નાગરિકોને ત્યાંથી બહાર કાઢવામાં વ્યસ્ત છે, તેથી અફઘાનો પણ તાલિબાનના ડરને કારણે દેશ છોડવા માગે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતે પોતાના લોકોને બહાર કાઢવા માટે એરફોર્સના ગ્લોબમાસ્ટર C-17ને સ્ટેન્ડબાય પર પણ મૂકી દીધું છે, એને ગમે ત્યારે કાબુલ મોકલવામાં આવી શકાય છે. કાબુલ એરપોર્ટ પર અફરાતફરીનું વાતાવરણ છે. અહીં અમેરિકન સૈનિકોએ લોકોને બહાર કાઢવાની જવાબદારી લીધી છે, પરંતુ એરપોર્ટ તરફ જવાના રસ્તા પર તાલિબાનો ઊભા છે. કાબુલથી એરફોર્સનાં વિમાનોમાં ભારતીયો લાવવામાં આવી રહ્યા છે. ગયા મંગળવારે, ૧૨૦થી વધુ લોકો ગ્લોબમાસ્ટર C-17થી વતન પરત ફર્યા હતા. એમાં કાબુલમાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ, ITBPના કર્મચારીઓ અને અન્ય લોકો સામેલ હતા. આ પહેલાં સોમવારે પણ ૪૫ લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનમાં તાલિબાનોના કબજા બાદ પરિસ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થઈ રહી છે. આ દરમિયાન તાલિબાનનો વિરોધ પણ ઉગ્ર બન્યો છે. રાજધાની કાબુલથી આશરે ૧૨૫ કિલોમીટર દૂર આવેલી પંજશીર ખીણમાં લડવૈયાઓએ તાલિબાન સામે બળવાનું રણશિંગું વગાડ્યું છે. આ લડાઈમાં ૧૫ તાલિબાન માર્યા ગયા છે, જ્યારે ૧૦ને પંજશીર લડવૈયાઓએ પકડી લીધા છે. જોકે તેની પુષ્ટિ થઈ નથી. અફઘાનિસ્તાનના સંરક્ષણમંત્રી જનરલ બિસ્મિલ્લાહ મોહમ્મદે પણ સોશિયલ મીડિયા પર કહ્યું છે કે તાલિબાનને પુલ-એ-હિસાર, બાનુ અને દેહ-એ-સલાહમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. બિસ્મિલ્લાહ મોહમ્મદ અશરફ ગનીની સરકારમાં સંરક્ષણમંત્રી હતા તાલિબાનોએ લગભગ આખા અફઘાનિસ્તાન પર કબજો કરી લીધો છે, પરંતુ તાલિબાનના નિયંત્રણ બહારનો એકમાત્ર વિસ્તાર પંજશીર છે. મીડિયા અહેવાલો અનુસાર તાલિબાને અહેમદ શાહ મસૂદના પુત્ર અહમદ મસૂદ સાથે વાતચીત કરવા માટે એક પ્રતિનિધિમંડળને પંજશીર મોકલ્યું છે. જ્યારે એક મુલાકાતમાં મસૂદે કહ્યું છે કે તે વાતચીત અને હુમલા બંને માટે તૈયાર છે. જ્યારે તાલિબાન સમર્થકો કહી રહ્યા છે કે જો પંજશીરનો મુદ્દો જલદી ઉકેલવામાં નહીં આવે તો તે તાલિબાન માટે માથાનો દુખાવો બની જશે. તાલિબાનના કબજા દરમિયાન પંજશીરના આસપાસના પ્રાંતમાંથી કેટલાક અફઘાન સૈન્યદળો પણ પંજશીર પહોંચ્યાં હતાં. હવે બીજા ઘણા જિલ્લાઓમાં ભીષણ લડાઈના સમાચાર છે. સૂત્રો કહે છે કે પંજશીરમાં તાલિબાનના પ્રતિનિધિઓ સાથેની વાતચીત દરમિયાન પંજશીરના વડીલોએ અમરુલ્લાહ સાલેહને પંજશીર છોડવાનું કહ્યું છે, કારણ કે સ્થાનિક લોકો હવે યુદ્ધ નહી, શાંતિ ઈચ્છે છે. અમરુલ્લાહ સાલેહનું ઠેકાણું આ દિવસોમાં પંજશીર જ છે. આતંકવાદી ખલીલ હક્કાની કાબુલની એક મસ્જિદમાં ઈસ્લામિક અમીરાતની જાહેરાત કરતા જોવા મળ્યો છે. અમેરિકાએ ખલીલ હક્કાની પર ૫ લાખ ડોલરનું ઈનામ રાખ્યું છે અને તે મોસ્ટ વોન્ટેડ છે. ખલીલ હક્કાની જલાલુદ્દીન હક્કાનીનો ભાઈ છે. હક્કાની નેટવર્કે અફઘાનિસ્તાનમાં ઘણા મોટા હુમલા કર્યા અને ભારતીય હિતોને પણ નિશાન બનાવ્યા હતા.

# આગામી સપ્તાહે અફઘાનિસ્તાન અંગે મોટો નિર્ણય લેવાશે : અમેરિકન રાષ્ટ્રપતિ બાઈડન



વોશિંગ્ટન,૨૧

અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના સૈનિકોને પરત બોલાવ્યા બાદ બાઈડને સોમવાર-મંગળવારની રાત્રે પ્રથમ વખત દેશને સંબોધિત કર્યો હતો. આ સમયે તેમણે ત્યાં સર્જાયેલી સ્થિતિ માટે રાષ્ટ્રપતિ અશરફ ગની તથા ત્યાંના લીડરશિપને જવાબદાર ગણાવ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ જે બાઈડને અફઘાનિસ્તાનની સ્થિતિ અંગે દેશને સંબોધિત કરી રહ્યા છે. છેલ્લા ૪ દિવસમાં આ તેમનું બીજું સંબોધન છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતુ કે વર્તમાન સમયમાં વિશ્વ સામે એક મોટું સંકટ સર્જાયું છે. અમે અફઘાનિસ્તાનમાંથી ૧૮ હજાર અમેરિકી નાગરિકોને અને ૧૪ ઓગસ્ટ બાદ ૧૩ હજાર લોકોને કાબુલમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. આ અત્યારસુધીનું સૌથી મુશ્કેલ અને મોટું એરલિફ્ટ ઓપરેશન છે. તાલિબાન માટે પણ ત્યાંની સ્થિતિ એટલી સારી નથી. તેમણે ખાતરી આપી છે કે અમેરિકાના તમામ લોકોને બહાર કાઢવામાં ન આવે ત્યા સુધી અમારી સેના કાબુલમાં ઉપસ્થિત રહેશે. બાઈડને કહ્યું હતું કે અમે ૨૦ વર્ષ સુધી અફઘાનિસ્તાન સાથે કામ કર્યું છે. વર્તમાન સમયમાં પણ કાબુલમાં અમારા ૬ હજાર સૈનિક છે. જો તાલિબાન અમેરિકાની સેના પર હુમલો કરે છે તો એ બિલકુલ સહન કરવામાં આવશે નહીં. અમે કાબુલ એરપોર્ટની સુરક્ષા કરી રહ્યા છીએ. એનાથી સૈન્ય ઉડાનો ઉપરાંત અન્ય દેશના ચાર્ટર વિમાનોથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે મારું માનવું છે કે તાલિબાને ખૂબ જ ઝડપથી નિયંત્રણ મેળવી લીધું. અફઘાન લીડરશિપે જલદીથી હથિયાર હેઠાં મૂકી દીધાં. અમે ત્યાં અબજો ડોલરનો ખર્ચ કર્યો. અફઘાન ફોર્સને તાલીમ આપી. શસ્ત્રોથી સજ્જ આટલી મોટું લશ્કર કેવી રીતે હાર માની લે એ વિચારવાની જરૂર છે. આ એક ગંભીર મુદ્દો છે. અમારા જવાનો કાબુલ એરપોર્ટની સુરક્ષા કરી રહ્યા છે. એનાથી સૈન્ય ઉડાન ઉપરાંત અન્ય દેશોનાં ચાર્ટર વિમાનોથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. ISISના આતંકવાદી મોટું જોખમ છે. નાટોના દેશ અમેરિકાની સાથે ઊભા છે. જેલમાંથી ભગાડવામાં આવેલા આતંકવાદીઓ હુમલા કરી શકે છે અફઘાનિસ્તાનમાં યુદ્ધ પૂરું કરવાનો સમય આવી ગયો હતો. નાટો દેશ પણ આ નિર્ણયથી સહમત હતા. આગામી સપ્તાહે G-7ની બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવશે. અગાઉના સંબોધનની તુલનામાં શુક્રવારના સંબોધનમાં બે બાબત અલગ રહી.

## અમેરિકાની મદદથી ભારતીયોને કાબુલથી લાવવાનું મિશન પૂર્ણ થયું

નવી દિલ્હી, ૨૧

કાબુલ પર તાલિબાનોના કબજા બાદ ભારત સતત ત્યાંથી ભારતીયોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ માટે વાયુસેના ફરી એકવાર દેવદૂત બની છે. ભારતીય વાયુસેનાએ કાબુલમાં ભારતીય દૂતાવાસના કર્મચારીઓ સહિત ૨૦૦ લોકોને પહેલેથી જ બે C-17 ગ્લોબમાસ્ટર વિમાનોમાં બહાર કાઢ્યા છે. અફઘાનિસ્તાનની રાજધાનીમાં કથળતી સુરક્ષા સ્થિતિ વચ્ચે ભારતીય વાયુસેના (IAF) નું પરિવહન લશ્કરી વિમાન લગભગ ૮૦ ભારતીયો સાથે પરત ફરી રહ્યુ છે. તે આજે સાંજ સુધીમાં હિન્ડન એરબેઝ પર ઉતરે તેવી ધારણા છે. અમેરિકી સેનાની મદદથી ૨૦૦ ભારતીયોને પરત લાવવાનું મિશન પૂર્ણ થયું છે. ભારતીયોને બહાર લાવ્યા બાદ વિમાન તાજિકિસ્તાન માટે ઉડાન ભરી દુશાંબેમાં ઉતર્યુ. અહીંથી ફ્યુલ ભર્યા બાદ વિમાન ભારત માટે રવાના થયું છે. તે સાંજે દિલ્હી નજીક હિન્ડન એરબેઝ પહોંચે તેવી ધારણા છે

# પૃથ્વી તરફ આવી રહી છે ૯૪ હજાર કિમી પ્રતિ કલાકની ઝડપે ઉલ્કા : નાસા

વોશિંગ્ટન,૨૧

અમેરિકી સ્પેસ એજન્સી નાસાએ ચેતવણી આપી છે કે ૨૦૧૬-છત્ન૧૯૩ નામની ઉલ્કા ૨૧ ઓગસ્ટની રાત્રે પૃથ્વીની સપાટી નજીકથી પસાર થશે. આ ઉલ્કા પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના નવ ગણા અંતર અને ૯૪,૨૦૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી પસાર થશે. વિવિધ કદ અને વ્યાસ ધરાવતી ઉલ્કા હંમેશાં વિશ્વભરમાં કાર્યરત ખગોળશાસ્ત્રીઓ માટે ચિંતાનું બનીને રહી છે. નાસાએ ઉલ્કા- છત્ન૧૯૩ દર વખતે ૨૧ ઓગસ્ટે પૃથ્વીની સપાટી પાસેથી પસાર થતી હોવાથી જોખમી જાહેર કરી દીધી છે.

ઉલ્કા લગભગ ૪.૬ અરબ વર્ષ પહેલાં સૂર્યમંડળના નિર્માણ દરમિયાન વેરાયેસા રેતકણોનો સમૂહ છે, જે સૂર્યમંડળમાં નાની-મોટી ભેખડો સમાન સફર કરે છે. નાસા જોઈન્ટ પ્રોપલ્શન લેબોરેટરી (JPL)ના જણાવ્યા પ્રમાણે, જો કોઇ ઉલ્કા પૃથ્વીની સપાટીથી સૂર્ય સપાટી વચ્ચે રહેલા અંતરથી ૧.૩ ગણી ઓછી હોય (લગભગ ૯૩ મિલિયન માઇલ) ત્યારે એને ક્લાસિફાઇડ કરાય છે. નાસા અત્યારસુધી ૨૬ હજારથી વધુ ઉલ્કાઓને ટ્રેક ચૂકી છે, જેમાંથી ૧ હજારથી વધારે સંભવિત રૂપે જોખમી હોવાનો ઉલ્લેખ કરાયો હતો.નાસાના જણાવ્યા પ્રમાણે, આ ઉલ્કા આગામી વર્ષોમાં પૃથ્વીની સપાટીની અત્યંત નજીકથી પસાર થઈ શકે છે.

આજે શનિવારે ૨૧ ઓગસ્ટના દિવસે ૧.૪ કિલોમીટર પહોળી આ ઉલ્કા ૯૪,૨૦૮ કિલોમીટર પ્રતિ-કલાકની ઝડપે પૃથ્વીની ભ્રમણ કક્ષા નજીકથી પસાર થશે, જેને ખગોળીય ટેલિસ્કોપ દ્વારા જોઈ શકાશે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ૨૦૬૩માં આ ઉલ્કા પૃથ્વીની સપાટીથી નજીવા અંતરે પસાર થશે, નાસાએ જણાવ્યું હતું હતું કે ૨૦૨૧માં આ ઉલ્કા પૃથ્વીને કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડશે નહીં.

ઉલ્કા-છત્ન૧૯૩ને પહેલીવાર જાન્યુઆરી ૨૦૧૬માં અમેરિકામાં હાવાઈના હલાકાલાની વેધશાળામાં સ્થિત પેનોરમિક સર્વે ટેલિસ્કોપ અને રેપિડ રિસ્પોન્સ સિસ્ટમ સુવિધાની સહાયથી સ્પોટ કરાઈ હતી. ત્યાર પછી નાસાએ અંતરિક્ષની વિવિધ ઉલ્કાનું નિરીક્ષણ કરવા માટે NEOWISE સ્પેસક્રાફ્ટનો ઉપયોગ કરાયો હતો. EarthSky અનુસાર, આ દરમિયાન ખગોળશાસ્ત્રીઓને જાણવા મળ્યું હતું કે આ ઉલ્કા ઘણી વિશાળકાય છે. આ ઉલ્કા દર ૫.૯ વર્ષમાં સૂર્યની પ્રદક્ષિણા કરે છે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

- માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે.
- દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
- માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
- માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે.
- વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૨૮૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૬

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૦૨૪

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનુ મૂળ ક્યાં....?

*વિશ્વભરમાં કોરોનાએ ભારે હાહાકાર મચાવ્યા બાદ તેની ઉત્પતિનું મૂળ શોધવા અમેરિકા સહિતના દેશોના વૈજ્ઞાનિકોએ અનેક પ્રયાસો કર્યા છે. કોરોના મહામારીના દોરમાં સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે. કોરોનાથી સુરક્ષિત રહેવા કેટલીક વેક્સિનો બજારમાં આવી ગઈ છે અને વિશ્વભરના દેશોમાં વેક્સિન અભિયાન ચાલી રહ્યા છે. પરંતુ કોરોના? વાયરસના નવા નવા વેરિઅન્ટ એક પછી એક નવા નવા રૂપે સામે આવતા રહે છે. અને તેમાં પણ વેક્સિન લેનારાઓ પણ કોરોના વેરિઅન્ટનો ભોગ બની રહ્યા છે. જે કોરોના વેક્સિનની અસરકારકતા સામે શંકા કુશંકાઓના વાદળો ખડા કરી દે છે. કોરોના વાયરસનુ ઉત્પતિ સ્થાન શોધવા વૈજ્ઞાનિકો ભરપૂર પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ તેમાં સફળતા મળી નથી. જ્યારે કે ચીનની વુહાન લેબમાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું સમગ્ર વિશ્વમાં માનવામાં આવે છે. બીજી તરફ ચીન છોડી ભાગી નીકળેલ વુહાન લેબમાં કાર્ય કરતી ચીની વૈજ્ઞાનિક મહિલાએ અમેરિકા પહોંચી આક્ષેપ કરેલ કે કોરોના વુહાનમાંથી પેદા થયો છે અને ફેલાયો છે. અહી કોરોના વાયરસ બાબતે સંશોધન ચાલી રહ્યું હતું અને વિશ્વના દેશોને હંફાવવા, આર્થિક ફટકો આપવા ચીન દ્વારા ફેલાવેલું ષડયંત્ર છે. કારણકે વિશ્વ ભરમા ચીનને આર્થિક રીતે ટોપ પર સ્થાપિત થવુ હતું. જેથી કોરોના લીક કરવામા કે કોરોના ફેલાવવામાં ચીન પોતે જવાબદાર છે. આ ચીની મહિલા વૈજ્ઞાનિક વિવિધ ઓટોપ્સીની ચકાસણી પછી દાવો કરેલો તેમ તેણીનું કહેવું છે. જ્યારે કે કોરાના વાયરસ બાબતે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની એક ટીમ કોરોના વાયરસ તપાસ અનુસંધાને ચીન ગઈ હતી. પરંતુ આ ટ નુકસાન લેબ.મા તપાસ કરી શકી ન હતી અને વુહાન શહેર તથા ત્યાના માર્કેટોમાં તપાસ કરી જાહેર કરેલ કે કોરોના વાયરસ ચામાચીડિયા દ્વારા ફેલાયો હોઈ શકે છે. ડબલ્યુ એચ. ઓ ફરી એકવાર કોરોના વાયરસની તપાસ કરવાની ના ચીન સમક્ષ રજૂઆત કરી પરંતુ એ માટે ચીને તદ્દન ઇનકાર કરી દીધો.....!*

*કોરોનાવાયરસે વિશ્વભરમાં હાહાકાર મચાવવાનું શરૂ કર્યું ત્યારે એ સમયની તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે વુહાનના એક બજારમાં સી ફુડની સાથે વન્ય પ્રાણીઓનુ માસ વેચાતું હતું. જેમાં ચામાચીડિયા પણ વેચાતા હતા, જેમાંથી કોરોના વાયરસનું સંક્રમણ થયું હોવાનું જણાયુ હતું. દરમિયાન પશ્ચિમી દેશોના મીડિયામાં અહેવાલો આવ્યા હતા છે કોવિડ૧૯ નામનો રોગ ફેલાવતો આ સાર્સ કોવિ ર નામનો વાયરસ વુહાન લેબમાંથી થયો.... ત્યારે બીજી તરફ વિશ્વભરમાં એવી વાતો ફરી વળી હતી કે ચીનની ખાનગી સૈન્ય પ્રયોગશાળામાં આ વાયરસ બાયોલોજીકલ વેપન મતલબ જૈવિક હથિયારના રૂપમાં બનાવવામાં આવ્યો હતો. જોકે વૈજ્ઞાનિકોએ આ વાતનો છેદ ઉડાડી દીધો હતો. કોવિડ૧૯ કોરોના વાયરસ પ્રાણીઓમાંથી માનવીઓમાં પ્રસરેલો રોગ છે. એટલે કે જિનેટિક બીમારી છે. કારણ અગાઉ એચઆઇવી, એઈડ્ઝ, સ્ટાર્સ, ઈબોલા તેમજ મર્સ જેવા જીવલેણ વાઇરસ ઝૂનોટીક ગણાયા છે. બીજી તરફ એવી વિગતો બહાર આવી છે કે વન્ય જીવોના બજારો આવી બીમારી ફેલાવવામાં મોટો ભાગ ભજવે છે. અને આવા બજારો ચીન, વિયેટનામ જેવા દેશોમાં વિશેષ છે. ઉપરાંત તાજુ માંસ અને સી ફૂડ મળતું હોય તેવી જગ્યાઓથી પણ વાયરસ ફેલાય છે. જોકે કોવિડ ૧૯ બાબતે પણ કહેવાય છે કે તેની ઉત્પત્તિ વુહાનના સી ફૂડ હોલસેલ માર્કેટથી થઈ છે. બીજી તરફ અમેરિકા-ચીન પર કોરોના ઉત્પતિ માટે આક્ષેપો કરતું આવ્યું છે. આ બધી બાબતોમા ચીનની તકલીફ એ રહી છે કે તે કોરોના ફેલાવા બાબતે ખોંખારો ખાઈને કશું કહેતું નથી. અને વૈજ્ઞાનિકો માંગ કરી રહ્યા છે કે કોરોના વાયરસ નુકસાનની લેબ.માથી ફેલાયો હતો કે નહી તેની નિષ્પક્ષ તપાસ થવી જોઇએ..... પરંતુ જે ચીનમાં માણસને સાધન માનવામાં આવે છે તે ચીન પર આવી તપાસ માટે આશા રાખવી કેટલી યોગ્ય ગણાય.....?*

# ગુજરાતના વીજ ગ્રાહકો વીજ કંપનીઓની દયા પર જીવી રહ્યા હોય એવી સ્થિતિ : કોંગ્રેસ

અમદાવાદ,૨૧

રાજ્ય સરકારની જ વીજ કંપનીઓએ જૂનાં મીટર બદલવામાં બેદરકારી કરીને ૧૧ વર્ષ જેટલો વિલંબ કર્યો અને હવે એકાએક જાગીને ગ્રાહકો પાસેથી સરેરાશ માસિક વીજ વપરાશ જોઈને તેનો બારથી ગુણાકાર કરી જે રકમ આવે એ રકમના બિલ ગ્રાહકોને ફટકારી રહી છે. વીજ બિલની રકમની બમણી રકમનો દંડ પણ કરવામાં આવ્યો છે. માસિક ૩૦૦ યુનિટનો વપરાશ ગણીને એના બિલ ગણીને એનાથી બમણી રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. પરિણામે, એક વીજ જોડાણ ધારકોને ૫૦ હજાર ૪૦૦ રૂપિયાથી વધુ રકમ ભરવાની આવી છે. ગુજરાતના વીજ ગ્રાહકો વીજ કંપનીઓની દયા પર જીવી રહ્યા હોય એવી સ્થિતિ છે.ગુજરાત સરકારની વીજ વિતરક કંપનીઓએ રાજ્યમાં ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩માં કરવામાં આવેલી જોગવાઈના અનુસંધાને રાજ્યની વીજ વિતરક કંપનીઓએ ડિસેમ્બર ૨૦૧૦ સુધીમાં ૧.૨૦ કરોડ જેટલા વીજ જોડાણ ધારકોનાં જૂનાં મીટર બદલવાનાં હતાં, પરંતુ કંપનીઓની મનમાની અને બેદરકારીને કારણે આ મીટરો આજ સુધી બદલવામાં આવ્યાં નથી. હવે આ જ કંપનીઓએ જૂનાં મીટર હોવાથી બિલ ઓછું આવ્યું હોવાનું કહીને લોકોને દંડ ફટકારવા માંડ્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખે આ મુદ્દે મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખીને રજુઆત કરી છે કે સરકારી વીજ કંપનીઓ સહિત ટોરેન્ટ કંપની વીજચોરીને જડમૂળથી નાબુદ કરવા વન ટાઈમ સેટલમેન્ટ પ્રક્રિયાની જાહેરાત કરે. તેમણે આ મુદ્દે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે. જામનગરમાં એક ગ્રાહકે ૫૨ હજાર ૪૫૬ રૂપિયાનું બિલ ફટકાર્યું હતું. તેમનું ઘર બંધ હતું, તેમ છતાંય તેમને આ રકમનું બિલ આપવામાં આવ્યું હતું. તેમના બંધ ઘરમાં એક જ બલ્બ હોવા છતાંય આટલી મોટી રકમનું બિલ આપ્યું હોવાની ફરિયાદ થઈ હતી. આ વ્યક્તિ કન્ઝ્યુમર ફોરમમાં જતાં તેમને માનસિક પરિતાપ પહોંચાડવા બદલ ૬ હજાર રૂપિયાનું વળતર આપવા વીજ કંપનીને ફરજ પાડવામાં આવી હતી.

# સીમ કાર્ડ ખરીદનારની માહિતી ૩ વર્ષ સુધી સાચવવી પડશે : અમદાવાદ કમિશ્નર

અમદાવાદ,૨૧

પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડીને હૂકમ કર્યો છે કે, ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલા ગુનેગારો શહેરમાં વાહનનો ઉપયોગ કરીને બોમ્બ બ્લાસ્ટની ઘટનાને અંજામ આપી શકે છે. જેથી સાયકલ, મોટરસાયકલ, ફોર વ્હીલર અને બેટરીથી ચાલતા વાહનો વેચતા ડિલરો, એજન્ટો, દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરોએ વાહન વેચતી વખતે વાહન ખરીદનારના રહેઠાણ અને ઓળખના પુરાવાઓ સાચવી રાખવા પડશે.અમદાવાદમાં અનેક પ્રકારના ગુનાઓ રોજબરોજ નોંધવામાં આવે છે. ખાસ કરીને ઘરફોડ, લૂંટ અને સાયબર ક્રાઈમ જેવા ગુનાઓનો ગ્રાફ વધારે પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં ભૂતકાળમા જાહેર જગ્યાઓ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, સરકારી કચેરીઓ, પર્યટન સ્થળો વગેરે જગ્યાઓ પર સાયકલ, બાઈક, કે કારમાં બોમ્બ જેવી વિસ્ફોટક સામગ્રીઓ ગોઠવીને બ્લાસ્ટ કરીને ભયાનક કૃત્યને અંજામ આપવામાં આવ્યો છે. આવી ઘટનાઓ ભવિષ્યમાં પણ નકારી શકાય એમ નથી. જેથી અમદાવાદના પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડીને વાહન વિક્રેતાઓને હૂકમ કર્યો છે.

વાહન ખરીદનારનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય ત્યાંનુ ઓળખપત્ર અથવા તો શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર, સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સંસદસભ્ય તરફથી મેળવેલ ઓળખપત્ર કે પ્રમાણ પત્ર ગ્રાહક પાસેથી વાહન વિક્રેતાઓએ લેવાનું રહેશે. વાહન વેચનારે બિલમાં ખરીદનાર ગ્રાહકનું નામ, સરનામું અને ટેલિફોન નંબર લખવાનો રહેશે. તે ઉપરાંત બિલમાં સાયકલ કે સ્કૂટરનો ફ્રેમ નંબર કે ચેચિસ નંબર પણ અવશ્ય લખવાનો રહેશે. કમિશ્નરનો આ હૂકમ આગામી ૬૦ દિવસ સુધી અમલી રહેશે. અમદાવાદ પોલીસ કમિશ્નરે જાહેરનામાંમાં હૂકમ કર્યો છે કે, અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય તે માટે મોબાઈલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજોની ડિસ્ટ્રીબ્યુટર કે વિક્રેતાઓએ બરાબર ચકાસણી કરવી પડશે. તમામ પુરાવાઓની માહિતીની ઝેરોક્ષ કોપી અથવા ડિઝીટલ ફોર્મમાં રાખવી પડશે. તે ઉપરાંત સીમકાર્ડના ડિઝીટલ એક્ટિવેશન થકી ઙ્ઘદ્બરૂઞ/ ઈ દ્બરૂઞ કરવામાં આવે છે. જેની માહિતી દરેક ડીસ્ટ્રીબ્યુટર/ રીટેલર્સે એક્સલ ફોર્મેટમાં રાખવાની રહેશે. પોલીસ કમિશ્નરના જાહેરનામા પ્રમાણે સીમ કાર્ડ ખરીદનાર વ્યક્તિના ઓળખ તથા રહેઠાણના પુરાવા એક્સલ ફોર્મેટમાં ડીસ્ટ્રીબ્યુટર/ રીટેલર્સે ત્રણ વર્ષ સુધી સાચવી રાખવા પડશે. તે ઉપરાંત તેની હાર્ડ કોપી કાઢીને રેકર્ડમાં પણ સાચવવાની રહેશે. આ દરમિયાન ડેટા લોસ કે કરપ્ટ ના થાય તેની જવાબદારી સીમકાર્ડના વિક્રેતાની રહેશે. સીમકાર્ડ ખરીદનાર માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજોના પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું પડશે. ગ્રાહકની ઓળખ અંગેની ફરજિયાત નોંધણી રજિસ્ટરોમાં કરવાની રહેશે. પોલીસ કમિશ્નરનો આ હૂકમ ૬૦ દિવસ સુધી માન્ય રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

# રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા દ્વારા જિલ્લાના તમામ તાલુકામાં મામલતદારને આવેદનપત્ર આપીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રજૂઆત કરી

ગુજરાત માં વરસાદ ખેંચાઇ જતા ખેડૂતો ની હાલત કફોડી બની જવા પામી છે અને એક બાજુ ભુગર્ભ તળ માં પાણી ખુટી ગયા છે બીજી બાજુ વરસાદ બનાસકાંઠા માં બિલકુલ થયો નથી અને સરકાર સુજલામ્ સુફલામ્ કેનાલમાં પાણી બંધ કરી દીધું છે તેથી ખેડૂતો મોંઘવારી ના ખપ્પરમાં હોમાઇ ગયો છે અને લખલૂટ ખર્ચ કરીને ને વાવણી કરેલ પરંતુ વરસાદ અને પાણી ના અભાવે પાક સુકાઈ ગયા છે તેથી ખેડૂતો ને આત્મહત્યા કરે એવી પરીસ્થિતી નું નિર્માણ થયું છે રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જીલ્લા દ્વારા આજરોજ જીલ્લા ના તમામ તાલુકા માં મામલતદાર ને આવેદનપત્ર આપી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ને રજૂઆત કરી છે કે



(૧) બનાસકાંઠા જીલ્લા માટે નર્મદા નહેર દ્વારા કડાણા ડેમ માંથી ધરોઇ ડેમમાં પાણી નાખી ધરોઇ ડેમ માંથી મુક્તેશ્વર ડેમ માં પાણી નાખો અને ત્યાર બાદ દાંતીવાડા અને સીપુ ડેમ માં પાણી નાખો અને બનાસ નદી તેમજ રેલ નદી જીવંત કરવી.

(૨) બનાસકાંઠા ને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરી ખેડૂતો ને સહાય ચુકવી આપે

(૩) પશુઓ માટે ઘાસચારા ના ડેપા ચાલુ કરો

(૪) બનાસ ડેરી દ્વારા દુષ્કાળ સમય પશુદાણ માં કરેલ જંગી ભાવ વધારો પરત ખેંચવો

(૫) પશુપાલકો ને દૂધ માં પોષણસમ ભાવ આપો

(૬) જળ સંચય મનરેગા યોજના માં મોટા ખેડૂતો ને સમાવેશ કરવો

(૭) જમીન રીસર્વે ની પેન્ડીગ અરજી નો નિકાલ કરવો

(૮) ભાઇઓ ભાગની ખેતીની જમીન વહેચણી ના અધિકાર મામલતદાર ને આપવા

(૯) ગૌશાળા માં ઘાસચારો પુરો પાડો

(૧૦) વાવ-સુઇગામ તાલુકા ના ૨૧ ગામોને નવીન બ્રાંચ કેનાલ બનાવી આપો

(૧૧) વીમા કંપની પાક વીમો મંજુર કરે. ના કુલ અગીયાર માગણી સાથે દરેક તાલુકા મામલતદાર ને આવેદનપત્ર આપ્યું છે. વધું જીલ્લા પ્રમુખ વી.કે.કાગ જણાવે છે કે અમીરગઢ ખાતે ઉત્તર ગુજરાત ઝોન પ્રમુખ દિનેશગીરી ગૌસ્વામી ની આગેવાની હેઠળ તાલુકા પ્રમુખ,મહામંત્રી વિગેરે ખેડૂતો સાથે મામલતદાર ને આવેદનપત્ર આપ્યું છે દાંતા મામલતદાર ને જીલ્લા યુવા મહામંત્રી પ્રદિપસીહ દિયોલ ની આગેવાની હેઠળ તાલુકા પ્રમુખ સાથે ખેડૂતો દ્વારા આવેદનપત્ર આપ્યું છે વડગામડા મામલતદાર ને જીલ્લા ઉપ પ્રમુખ જવાનસીહ હડિયોલ,તાલુકા પ્રમુખ લક્ષમણભાઇ ચૌધરી,તાલુકા મહામંત્રી ગોવિદભાઈ ચૌધરી,તાલુકા ઉપ પ્રમુખ રેવાભાઈ પરમાર દ્વારા ખેતીની હાજરી માં આવેદનપત્ર આપ્યું છે.પાલનપુર મામલતદાર ને જીલ્લા મહામંત્રી ભરતભાઈ કરેણ ની સાથે તાલુકા પ્રમુખ ગુલાબસિહ પરમાર તાલુકા મહામંત્રી નાથાભાઇ હડીયા ની સાથે ખેડૂતો જોડાઇ આવેદનપત્ર આપ્યું છે. દાંતીવાડા તાલુકા મામલતદાર ને તાલુકા પ્રમુખ રમેશભાઈ ચૌધરી અને મહામંત્રી જેસંગભાઈ ચૌધરી દ્વારા ખેડૂતો સાથે રાખી આવેદનપત્ર આપ્યું છે ડીસા તાલુકા મામલતદાર ને પુરણસિહ ચૌહાણ ની સાથે ખેડૂતો જોડાઇ આવેદનપત્ર આપ્યું છે. ધાનેરા તાલુકા મામલતદાર ને પ્રદેશ ઉપ પ્રમુખ કાળુભાઇ તરક, તાલુકા પ્રમુખ શંકરભાઈ વાગડા મહામંત્રી નવાભાઈ મુંજી તાલુકા યુવા પ્રમુખ દિનેશભાઇ ચૌધરી તાલુકા ઉપ પ્રમુખ દીપાભાઇ રબારી સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તા જોડાયા હતા. લાખણી તાલુકા મામલતદાર ને જીલ્લા યુવા પ્રમુખશ્રી દોલાભાઈ ખાગડા ની આગેવાની હેઠળ તાલુકા પ્રમુખ મહામંત્રી સાથે રાખી આવેદનપત્ર આપ્યું છે. થરાદ તાલુકા મામલતદાર ને તાલુકા પ્રમુખ અરજણભાઇ પટેલ મહામંત્રી છોગાભાઇ ચૌધરી કોષાઅધ્યક્ષ કનુભાઈ પટેલ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો જોડાઇ રેલી કાઢી આવેદનપત્ર આપ્યું છે વાવ તાલુકા મામલતદાર ને તાલુકા પ્રમુખ આઇ.વી.ગોહિલ મહામંત્રી ભાવસિંહ ગોહિલ ઉપ પ્રમુખ ધુડાભાઈ આસલ કોષાઅધ્યક્ષ બાબુભાઈ ઠાકોર સાથે ખેડૂતો જોડાઇ આવેદનપત્ર આપ્યું છે. ભાભર તાલુકા મામલતદાર ને પ્રદેશ મંત્રી રામસિંહ ગોહિલ જીલ્લા ઉપ પ્રમુખ કરશનભાઈ રાજપુત ની આગેવાની હેઠળ તાલુકા પ્રમુખ અને મહામંત્રી દ્વારા આવેદનપત્ર આપ્યું છે. સુઇગામ તાલુકા મામલતદાર ને ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ ના ઇ.પ્રમુખ નટુભાઇ પટેલ ની આગેવાની હેઠળ જીલ્લા કોષાઅધ્યક્ષ વિક્રમભાઈ ગામોટ જીલ્લા મંત્રી રામસિંહ બાયડ તલાભાઈ ચૌધરી મયૂરભાઈ ચૌધરી સાથે ખેડૂતો જોડાઇ આવેદનપત્ર આપ્યું છે. દીયોદર તાલુકા મામલતદાર ને જીલ્લા મંત્રી ઉદેસીહ વાઘેલા ની આગેવાની હેઠળ આવેદનપત્ર આપ્યું છે તેમજ કાંકરેજ તાલુકા મામલતદાર ને જીલ્લા પ્રમુખ વી.કે.કાગ તાલુકા પ્રમુખ ભેમાભાઇ ચૌધરી મહામંત્રી સાથે કાર્યકર્તા જોડાઇ આવેદનપત્ર આપ્યું છે અને ખેરાલુ ખાતે જીલ્લા મહામંત્રી પથુભાઇ ચૌધરી ની આગેવાની હેઠળ તાલુકા પ્રમુખ સાથે આવેદનપત્ર આપ્યું છે પ્રદેશ મંત્રી રામસિંહ ગોહિલ જણાવે છે કે કે જો અમારી માંગણીઓ સરકાર દ્વારા પુરી કરવા માં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધી આંદોલન કરવા માં આવશે છતા આંખઆડા કાન કર્યા તો અહીત્યાસિક જન આંદોલન કરી ધારાસભ્ય અને સંસદ સભ્ય નો ઘેરાવ કરવા માં આવશે જીલ્લા યુવા પ્રમુખ દોલાભાઈ ખાગડા એ જણાવાયું છે કે સરકાર માગણી નહીં સ્વીકારે તો પગપાળા યાત્રા કરી ગાંધીનગર જઇ ઢોલનગારાં વગાડી સરકાર ને જગાડવા નું કામ કરીશું જેની અસર વર્ષ ૨૦૨૨ ની વિધાનસભા ની ચુંટણી માં જોવા મળશે.

રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૮૦૬ અને ચાંદીમાં રૂ.૨૭૩ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ લપસ્યું

## કપાસ, કોટન, રબર, સીપીઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચારઃ મેન્થા તેલમાં નરમાઈઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૩૫૩ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૯૬૩ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૩થી ૧૯ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન ૧૭,૯૫,૮૪૫ સોદાઓમાં કુલ રૂ.૧,૩૫,૩૩૫.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૩૫૩ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૯૬૩ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૭,૧૮,૦૬૧ સોદાઓમાં કુલ રૂ.૩૭,૮૫૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૬,૪૫૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૮૫૦ અને નીચામાં રૂ.૪૬,૪૧૬ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૦૬ વધી રૂ.૪૭,૧૬૯ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૫૯ વધી રૂ.૩૭,૯૦૫ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૫ વધી રૂ.૪,૬૮૫ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૪૦૦ના ભાવે ખૂલી, રૂ.૭૮૪ વધી રૂ.૪૭,૧૧૯ના ભાવે બંધ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૨,૦૯૭ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૮૬૬ અને નીચામાં રૂ.૬૧,૯૮૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૭૩ વધી રૂ.૬૨,૧૩૩ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૬૩ વધી રૂ.૬૨,૪૪૬ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૫૪ વધી રૂ.૬૨,૪૪૪ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧,૪૬,૩૫૫ સોદાઓમાં રૂ.૨૬,૫૦૪.૪૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૨૦ ઘટી રૂ.૨૦૪.૭૫ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩.૭૦ ઘટી રૂ.૨૪૫ના ભાવે બંધ થયો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૫.૮૫ ઘટી રૂ.૬૮૪.૪૦ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૯૨.૮ ઘટી રૂ.૧,૩૯૮.૫૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૧૭૯ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૫,૮૯,૯૦૪ સોદાઓમાં કુલ રૂ.૪૧,૩૦૬.૨૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૧૦૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૧૪૩ અને નીચામાં રૂ.૪,૬૫૫ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૦૬ ઘટી રૂ.૪,૭૩૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮ ઘટી રૂ.૨૮૪.૫૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૨,૮૧૪ સોદાઓમાં રૂ.૧,૬૬૦.૮૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૪૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૪૯૦ અને નીચામાં રૂ.૧૪૪૮ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૮.૫૦ વધી રૂ.૧,૪૬૦.૫૦ બંધ થયો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૨૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૮,૩૯૦ અને નીચામાં રૂ.૧૮,૦૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૬૧ વધી રૂ.૧૮,૩૪૩ના ભાવે બંધ થયો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૫૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૯૪.૬૦ અને નીચામાં રૂ.૧૧૫૦.૧૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૬.૬૦ વધી રૂ.૧૧૭૧.૧૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૨૦ ઘટી રૂ.૯૨૭.૨૦ અને કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૮૦ વધી રૂ.૨૬,૦૯૦ બંધ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૪૧,૫૦૯ સોદાઓમાં રૂ.૧૮,૦૧૬.૯૧ કરોડનાં ૩૮,૨૪૩.૭૩૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫,૭૬,૫૫૨ સોદાઓમાં કુલ રૂ.૧૯,૮૩૭.૦૨ કરોડનાં ૩,૧૪૦.૯૫૮ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧,૮૧૨.૨૦ કરોડનાં ૮૭,૪૧૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨,૬૦૮.૫૧ કરોડનાં ૧,૦૫,૦૫૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૩,૨૧૩.૫૯ કરોડનાં ૧,૮૫,૭૮૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૭,૭૮૦.૩૧ કરોડનાં ૫૩,૪૭૦.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૦૮૯.૭૯ કરોડનાં ૬૦,૭૧૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૭૦,૫૩૧ સોદાઓમાં રૂ.૧૪,૩૨૪.૨૦ કરોડનાં ૨,૯૦,૨૦,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૧૯,૩૭૩ સોદાઓમાં રૂ.૨૬,૯૮૨.૦૭ કરોડનાં ૯૩,૭૩,૦૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૭૬ સોદાઓમાં રૂ.૨.૫૪ કરોડનાં ૩૪૪ ટન અને કોટનના વાયદાઓમાં ૪,૦૮૭ સોદાઓમાં રૂ.૩૬૮.૧૭ કરોડનાં ૧૩૯૧૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૮૧૪ સોદાઓમાં રૂ.૩૪.૮૮ કરોડનાં ૩૭૪.૪ ટન, રબરના વાયદાઓમાં ૧૩૮ સોદાઓમાં રૂ.૩.૦૭ કરોડનાં ૧૬૯ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૭,૬૯૯ સોદાઓમાં રૂ.૧,૨૫૨.૧૭ કરોડનાં ૧,૦૭,૭૨૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૩૦૧.૩૩૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૬૩.૩૦૪ ટન, એલ્યુમિનિયમમાં ૧૦,૯૭૫ ટન, જસત વાયદામાં ૭,૫૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૫,૯૦૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૧૭૮.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૭૪૫ ટન, ક્રૂડ તેલમાં ૬,૭૭,૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૫૮,૦૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૯૨ ટન, કોટનમાં ૭૬૫૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૪૫.૬૮ ટન, રબરમાં ૧૫૯ ટન, સીપીઓમાં ૮૬,૧૬૦ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન ૧૬,૬૫૯ સોદાઓમાં રૂ.૧,૩૬૨.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭,૬૯૪ સોદાઓમાં રૂ.૫૯૧.૧૪ કરોડનાં ૮,૩૫૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮,૯૬૫ સોદાઓમાં રૂ.૭૭૧.૪૧ કરોડનાં ૯,૮૯૩ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૨,૩૧૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૧૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૩,૯૪૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૨૯૪ અને નીચામાં ૧૩,૯૪૧ના સ્તરને સ્પર્શી, ૩૫૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯૯ પોઈન્ટ વધી ૧૪,૧૧૯ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૭૮૦ના સ્તરે ખૂલી, ૯૬૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૧૫ પોઈન્ટ ઘટી ૧૫,૧૩૨ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૩,૧૨,૦૫૨ સોદાઓમાં રૂ.૨૬,૬૪૭.૫૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૩૦૬.૯૬ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ-પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૦૬.૩૨ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩,૨૨૨.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

NOG સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No :0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ-દોસ્તી
'કુદરતનું અણમોલ વરદાન છે દોસ્તી,
સંબંધોમાં સહુંથી શાનદાર છે દોસ્તી.
દુઃખની ગરમીમાં શીતળ છાંય બની,
બચાવે છે દોસ્તી.
સુખની ઠંડકમાં
દૂર રહી હૈયું હેતથી તપાવે છે દોસ્તી.
તકલીફોની વર્ષામાં,
છત્રી બની બચાવે છે દોસ્તી,
ખુદ પલળીને, દોસ્તને પલળતો રોકે છે દોસ્તી.
રાહ જો ભૂલે જીવનમાં તો સાચી રાહ બતાવે છે દોસ્તી,
જીવનબાગને મુરઝાતો બચાવે છે દોસ્તી.
દોસ્તના અશ્રુ પોતાની આંખોમાંથી વહાવે છે દોસ્તી,
દોસ્ત માટે હૃદયની જાજમ બિછાવે છે દોસ્તી.
કૃષ્ણ બની સુદામાના પગ પખાળે છે દોસ્તી,
તો સારથિ બની અર્જુનનો રથ હંકારે છે દોસ્તી.
પવિત્રતાથી પૂર્ણપણે ભરેલો સંબંધ છે દોસ્તી,
ઉમેરાય જો અન્ય ખોટી લાગણીઓ તો વગોવાય છે દોસ્તી.
આમ તો બધાને ક્યાં સહજતાથી પ્રાપ્ય છે દોસ્તી??
છે જગમાં એ સૌથી અમીર, જેને મળી છે દોસ્તી.
અલકા મહેતા...ગાંધીનગર...

---

N. O. G. SS. NO 0026
લઘુકાવ્ય -મિત્ર
વેદનાંઓ
છો ને આવે,
કોઈપણ ક્યાં ગમ હવે?
એક સાચો મિત્ર છે
તો,
કોઈ ના ઝૂકાવશે!
અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

ભાઈબંધી દોસ્તી કે મિત્રાચારી
કેવી બધા સાથે રહે સદાચારી.
કેવી મજા આવે વાતો કરવાની
નવા નવા જોક સાંભળવાની.
મિત્રોની વાતો નો કેવો ખજાનો
ક્યારેય પૂરો ન થાય એવો મજાનો.
ડ્રાયફ્રૂટ અને મીઠાઈ મૂકેલા હોય
ટીવીમાં ક્રિકેટ મેચ ચાલુ હોય.
બાજુ માં બધા જીગરી બેઠા હોય
અને ચા ની ચૂસકી લેતા હોય.
જિંદગી જીવવાનો ખરો આનંદ
કેવો કરાવે છે આપણા મિત્રો
કેટલું બહોળું કુટુંબ છે મિત્રોનું
લાખોમાં એક એવા બધા મિત્રો
ચાલો આપણે પણ સહભાગી થઈને
વિતાવીએ બે ઘડી મિત્રો થઈને.
આશિર્વાદ તો ઓછા અપાય?
પણ આપણી મિત્રતા ને
શતાયુ ભવતિ તો નક્કી કહેવાય .
ઘનશ્યામ વ્યાસ

---

NOG SS NO 67
વિભાગઃ પદ્ય
શીર્ષક : મિત્ર
તુ સુરજ નથી કે ચાંદ નથી,
પણ મારી આંખનો તારો છે,
તું મિત્ર મારો છે.
તું ખારા જળનો દરિયો નથી,
પણ મીઠા જળનો લોટો છે,
ના તું નાનો ના મોટો છે.
તું રણના ઝાંઝવા જેવો નથી,
કે રમતમાં હારવા દે તેવો નથી,
મિત્ર, તું જેવો તેવો નથી.
તું દિવસ નથી કે રાત નથી,
યાદ નથી ફરિયાદ નથી,
તું તો કાયમી સંગાથ છે.
રૂપલ શાહ...ગાંધીનગર

મનનાં ખેતરમાં મૈત્રીનું બીજ વાવ્યું,
ઘટાદાર વૃક્ષ બની પ્રસરાઈ ગયું મારા અસ્તિત્વ ઉપર.
આવ્યો મારા હાથમાં જે દિવસથી મૈત્રીભર્યો હાથ,
માત્ર લંબાય છે મારો હાથ,
કરવા ઈશ્વરને પ્રણામ.
પામે છે તાગ મન નો એ દોસ્ત,
મારા અવાજના થડકાર પર થી,
તેથી જ તો દુઃખી હોઉં ત્યારે હું મૌન રહું છું.
દેવ,દોસ્તની દિલદારી સરખી,
એક જ પોકારમાં
મદદની તૈયારી સરખી.
મૈત્રીનો ખજાનો સંઘર્યો છે મનમાં,
અમીરાત ઝળકે છે જીવનમાં.
કદાચ મૈત્રીને બાળપણથી અનુભવવા,
પ્રભુએ બહેન આપી હશે!
ખભા પર એનો હાથ હોય છે,
આખું જગત સંગાથ હોય છે.
એ નીતરતી આંખોને વિના સ્પર્શે કોરી કરી દે છે,
એ જાદુગર (દોસ્ત)મનની એકલતાને દૂરથીય ભરી દે છે.
અલકા મહેતા..ગાંધીનગર

---

NOG. SS NO .0095
વિષય :-- દોસ્તી
પ્રકાર :-- પદ્ય
શીર્ષક :- " મિત્ર કોણ "?
જીવનમાં રંગત લાવી દે એ મિત્ર
આંસુ દુખના સુખના કરી દે મિત્ર
મન મુઝાતું હોય ને મન ઠાલવવા
ખભો ધરી હૈયું ઠલવાવી દે મિત્ર
જયાં કોઈ સગા કામ ન આવે ત્યાં
હર સંજોગોમાં પડખે ઉભો રહે મિત્ર
કંઈ જ કહયા વગર માત્ર ભાવ જોઈ
હૃદયની વાત જાણી લે પળમાં મિત્ર
આજના મિત્રતા દિવસે પ્રેમ ભરી
હૃદય ભરી અનેક શુભેચ્છાઓ મિત્ર
દિપિકા ચાવડા "તાપસી"

---

Happy Friendship day
"દોસ્તી"
દોસ્તી એટલે કૃષ્ણ અને સુદામાનો શબ્દ વગરનો સ્નેહ!
દોસ્તી એટલે બે અજાણ્યા જનનું મૌન શબ્દના તાંતણે બંધાય!

દોસ્તી એટલે એકના હૈયાની વેદના બીજાની આંખમાં આંસુ લાવે!
દોસ્તી એટલે એકના હૃદયની પ્રસન્નતા બીજાનો અમુલ્ય લ્હાવો!
દોસ્તી એટલે વીજળીના ઝબકારે મોતીડાં પરોવતી ગંગાસતી!
દોસ્તી એટલે 'ભરતહ્રમૈત્રીના પવિત્ર ઝરણામાં શાશ્વતીના સ્નેહનો કલશોર!
( રચના : ભરત સાંગાણી )

---

NOG SS No-0011
સાહિત્ય સરિતા
વિષયઃ- દોસ્તી
બંધારણઃ- ગાલગાગા ગાલગાગા ગાલગા
છંદ- રમલ -૧૯
પ્રકાર-ગઝલ
શીર્ષક-મારો મિત્ર
જિંદગીનો શ્વાસ છે મારો મિત્ર,
હેતનો પર્યાય છે મારો મિત્ર.
મોત આવેતો કદી ના વિખુટા થશું,
એ ભવ સંગ છે મારો મિત્ર
જિંદગીનાં હારનો એ નંગ છે,
સંગ કોહિનૂર છે મારો મિત્ર.
કાયમી અણસાર છે મારો મિત્ર,
સારથી છે જીન્દગીનો એ મિત્ર.
આ શું આખો થી બને એ દર્પણ,
એ પલકથી સમજતો મારો મિત્ર.
એ મિત્રની જે અસર બીજી કહું,
એ અધૂરો થઇ જતો મારો મિત્ર.
ભાઇથી વધુ ને સગાથી વધુ થયો,
રોજ બનતો ખાસ એ મારો મિત્ર.
મનોજકુમાર પંચાલ.'મન'.પાલનપુર

---

Happy Friendship Day...??
અર્ચનાની રચના...
ના સંબંધ છે લોહીનો..નથી એક માડીના જાયા. એ દોસ્ત, તો પણ આપણે એકમેકના દિલમાં છે સમાયા. તારી એ સતત બોલતા રહેવાની આદત..એમાંય વચ્ચે તને અટકાવી..મારી ટાપશી પૂરવાની ફાવટ.
એકમેકના અધૂરા વાક્યને તોડી મરોડી કરતા એ વાતની પતાવટ.
તારા પર હક જતાવી લાગે.. તું મારા જ અસ્તિત્વનો એક હિસ્સો છે.
દાયકાઓ સુધી યાદ કરતા રહીએ એવો તારો ને મારો કિસ્સો છે.
એક સિક્કાની બે બાજુ જેવી તારી ને મારી કહાની.. એ કહાની ફરી એક વાર સાંભળવી છે તારી જુબાની.??
ચાલ એ દોસ્ત, ફરી એ જૂની વાતો વાગોળીયે.
ફરી એ આપણી નાનકડી દુનિયામાં મળીએ.
ફરી એ સૂના પડી ગયેલા શાળાના મેદાનને ગજવીએ. એ ડચકા ખાતી આપણી શાળામાં ફરી શ્વાસ ભરીએ.
ભલે ક્યાંક અટવાઈ ગયો છે કોઈક ખૂણામાં આપણો સ્કૂલ ફોટો...
પણ એ દોસ્ત..પળે પળે Selfies લેવામાં આપણો ક્યાં મળે કોઈ જોટો..??
ચાલ...! ફરીથી વાગોળીએ.. મારાં શાળા સાથેના સંસ્મરણો..
તારી શાળા સાથેની એ પળો..
Friendship દિને..આપણી શાળામાં તારું મને મળવું..મને ખૂબ ગમશે.
ફરી એ યાદોનો સમુદ્ર મારા દરેક શ્વાસમાં મને ભરવા મળશે.

---

NOG SS No/0044
વિભાગઃ- પદ્ય
શીર્ષકઃ- મિત્રતા
પ્રકારઃ- હાઈકુ
૧ મિત્રતા કેવી?
કૃષ્ણ સુદામા જેવી
નિસ્વાર્થ મૈત્રી.
૨. મિત્રતા કેવી?
મિત્ર કેરાં પ્રેમમાં
ડૂબવું ગમે
૩. કેવી મિત્રતા?
મહેફિલ માણતા
પત્ની ભૂલાય.
૪. હતા અબોલા
મિત્રતા નિભાવવા
તોડ્યા અબોલા.
૫. ટપાલી આવે
મિત્રતા નિભાવતો
લાવે સંદેશ.
૬. હાથ માં હાથ
પકડ મજબૂત
મિત્રતા કેરી.
૭. વરદાન દે
રહેશે સલામત
મિત્રતા મારી.
૮. જોઈ મિત્રતા
દ્રોપદી કૃષ્ણ કેરી
મા કુંતી રાજી.
૯. આયખે જોયાં
મિત્રતા કેરાં રંગ
હવે બાકી શું?
૧૦ ?રંગાઈ જાઓ
મિત્રતા કેરાં રંગે
પામો આનંદ.
૧૧. ખેલ ખેલતા
મિત્રતા કેળવાઈ
બની સંગીન.
૧૨. મિત્રતા ઝંખે
ધોધમાર ચોમાસું
ભીંજવે હૈયાં.
૧૩. મિત્રતા મારી
દ્રોપદી માધવ જેવી
અર્પતી શાંતિ.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No :- 0038
વિભાગ :-પદ્ય
શીર્ષક :- દોસ્તી
પાનખર માં વસંત થઈ આવ્યા
કાવ્ય ને લેખની મહેફિલ લઈ આવ્યા,
પ્યારા દોસ્ત મળ્યા....!
ના કોઈ સ્વાર્થ ના કોઈ લાલચ
સાહિત્ય સરિતામાં સૌ ભળ્યા
પ્યારા દોસ્ત મળ્યા....!
છે બધું પણ હાસ્ય છે ગાયબ આજે
કિંમતી હાસ્યનો ખજાનો લાવ્યા
પ્યારા દોસ્ત મળ્યા....!
દિલના કાગજ ઉપર દોસ્તીના અક્ષર પાડ્યા
સાહિત્યની મહેફિલ લઈ આવ્યા
પ્યારા દોસ્ત મળ્યા....!
લખતા વાંચતા ખુશીથી દિવસ વહેવા લાગ્યા
પ્યારના ધાગા દિલથી બાંધ્યા
પ્યારા દોસ્ત મળ્યા....!
શીલા પટેલ" આકાંક્ષા"

---

NOG SS No - 0050
મિત્ર એટલે
મિત્ર એટલે ઢોલ સમો ,
જેની કોઈ વ્યાખ્યા નહી ..!સુખમાં પાછળ પડી રહે,
દુખમાં આગળ આવીને ઊભો રહે..!
લોહીની સગાઈ ને શરમાવે એવી આપણી મિત્રતા..!
સર્વ વચન અને ભંગ કરે ..!.
માયાવી દુનિયામાં સ્પષ્ટ ચહેરો બતાવે દર્પણ ની જેમ..!
પડછાયો સાથ છોડે પણ અંધારામાં વળગી રહે એ મારો પ્રિય મિત્ર..!
જીવનની સફર કાપવાનો સૌથી શુભ રસ્તો બતાવે..!
હર મુશ્કેલીમાંથી સુગમ રસ્તો બતાવે ..!.
કાંટાળા રસ્તા માંથી બહાર કાઢે....!
જેમ કૃષ્ણ અને સુદામાની મિત્રતા..!
કૃષ્ણને ભગવાનને ભાઈબંધ એમ બેય માનતા સુદામા..! ભક્તિનું ફળ સુદામાને ભાઈબંધીમાં પણ આપેલું..!
મિત્ર સુદામા ચુસ્ત બ્રાહ્મણ ચાર ઘર કરતાં વધારે ક્યારેય ભિક્ષા માંગવા ના જતાં...!
મિત્ર પાસે મદદ માંગી લેવાં નીકળેલાં,
ત્યારે મિત્રો ની મૂર્તિ ને જ પોતાનાં પત્ની અને સંતાનની રખેવાળી માટે સોંપી દીધેલાં..! જોજન દૂર રહેતા દોસ્ત ને મળવાં ગયેલાં..!
ગોવાળિયા બની મિત્ર ને ઘર સુધી મૂકી જાય છે..!
વર્ષો જૂનાં મિત્રોનું સ્વાગત કરવાં દ્વારકાધીશ ખુદ છોડીને ભાણું ,
ભૂલીને ભાન ખુલ્લાં પગે મહેલની બહાર દોડી જાય છે..!
મિત્ર કાંટાળી કેડી પર જીવી રહ્યો હતો એમને ખબર હતી..!
મળવાં આવેલો કૃષ્ણને સુદામા એક યુગ પછી મળેલાં..!
દોસ્તીની પરાકાષ્ટા મિત્રનાં પગ પક્ષાલન કરે છે ને પગમાંથી કાંટો નીકાળે છે..! ત્રણ મુઠી તાંદુલમાં એક મુઠ્ઠી માં સ્વર્ગ ,
બીજી માં પૃથ્વી અને ત્રીજી મુઠ્ઠીમાં સ્વર્ગ આપવાં નીકળી પડ્યાં હતાં..!
પણ તેમને રોકી દીધાં
રુકમણીએ...!
મિત્રને સઘણુ દીધું મારું ઘર નહીં આપવા દઉં..!
આને કહેવાય મિત્રતા..!
રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

---

હેપી ફ્રેન્ડશીપ ડે
આજ દોસ્તોને સમર્પિત
ચાલને આજ હૈયે મળી લઈએ,
આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ કીટ્ટાબુચ્ચા કરી લઈએ,
આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ વરસાદમાં છબછબિયાં કરી લઈએ,આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ સાઈકલની ડબલસવારી કરી લઈએ,
આજ દોસ્તીને યાદ કરી લઈએ .
ચાલને આજ લો ગાર્ડનની સેર કરી લઈએ,
આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ રાયપુરનાં ભજીયા ખાઈ લઈએ,
આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ ગાંઠિયાંરથનાં ગાંઠિયાં ખાઈ લઈએ,આજ દોસ્તીને યાદ કરી લઈએ.
ચાલને આજ પંકજવિદ્યાલયની બેન્ચ પર બેસી ભણી લઈએ, આજ દોસ્તીને યાદ કરી લઈએ.
મીના માંગરોલીયા મીનુ..અમદાવાદ .

---

NOG SS No :0059,
વિષય મૈત્રી દિવસ.
પ્રકારઃ ગદ્ય.
શીર્ષકઃઅમૂલ્ય મૈત્રી.
મિત્રો,
મને યુવાનીમા એક કંપનીમા મારા ઈન્ટરવ્યુ સમયે પુછાયેલો એક જટીલ પ્રશ્ન ?
તમારાં મતે મિત્રતાનો માપદંડ શુ હોય શકે ?.
મારો તે સમયનો જવાબ.
બચપણથી તે બૂઢાપા સુધી જેને
તુકારે અથવા ખાસ નામથી બોલાવી શકીયે તે ભેરૂ.
અડધી રાત્રે, ભરઊંઘમાં સુતેલાને ઢંઢોળવો ન પડે અને આપણી સાથે કામમાં આવે તે ભાઈબંધ.
કોઈપણ જાતની મદદ, કોઈપણ સમયે માગી શકાય તે મિત્ર.
રંક-રાજા નો ભેદ ન હોય તે દોસ્ત.
નથી જોયા, નથી જાણ્યા છતાં
આપણે સૌ નિઃસ્વાર્થ ભાવે
અતૂટ અમૂલ્ય પ્રેમનાં બંધને
બંધાયા તેજ....
ભેરૂ, ભાઈબંધ, દોસ્તી,મિત્રતા !
પ્યારે મિત્રો,
આપ સર્વેને મૈત્રી દિવસની
હાર્દિક શૂભેરછાઓ અને અભિનંદન.
જયકાન્ત ઘેલાણી પ્યારે'.

# ગુજરાત જીએસટી વિભાગ દ્વારા કરચોરી અને બોગસ બિલિ કેસો શોધી કાઢવા હાથ ધરેલ ઝુંબેશ

ગુજરાત જીએસટી વિભાગ કરચોરી શોધવાની અને બોગસ બિલિંગના કેસોમાં કડક હાથે કામગીરી કરવામાં અગ્રેસર છે. છેલ્લા કેટલાક સમયથી વિભાગ દ્વારા આવી કામગીરી અંગે મોટાપાયે ઝુંબેશ હાથ ધરેલ છે અને તેના પરિણામ સ્વરૂપે વિભાગે કરચોરી અને બોગસ બિલિંગના ઘણા મોટા પ્રમાણમાં કેસો શોધી કાઢેલ છે. હવે વિભાગ દ્વારા આવા પ્રકારના કેસો શોધી કાઢવા માટે ય્જીદ્ગ દ્વારા વિકસાવેલ જીએસટી એનાલિટીક્સ અને ઈન્ટેલીજન્સ નેટવર્ક (GAIN) ટૂલનો ઉપયોગ શરૂ કરેલ છે. જે આર્ટિફિશિયલ ઈંટેલિજન્સનો ઉપયોગ કરી ખોટી વેરાશાખ લેતા અને કરચોરી કરતાં કરદાતાઓ શોધી કાઢે છે. આ ટૂલ ખરીદ વેચાણના વ્યવહારોની સમગ્ર ચેઈનનો ગ્રાફિકલ આઉટપુટ આપે છે તેમજ બોગસ બિલિંગના કેસો શોધવામાં મદદરૂપ થાય છે,આ ઉપરાંત એનઆઈસી દ્વારા ઈ વે બિલ પોર્ટલ અને FASTAG ના ડેટાનું એકીકરણકરી તેના આધારે REAL TIME ડેટા ના વિવિધ રીપોર્ટ્સની ફેસીલિટી શરૂ કરેલ છે. તેથી કરપાત્ર માલનું વાહન કરતાં વાહનોનું રિયલ ટીમ ટ્રેકિંગ સંભવ બનેલ છે. ગુજરાત જીએસટી વિભાગે આ સિસ્ટમ અને અન્ય ટૂલનો ઉપયોગ કરી કરચોરીની સંભાવનાવાળા વાહનો શોધી કાઢવા અને આવા વાહનો મોબાઈલ સ્કવોર્ડની મદદથી પકડી પાડવા ૨૪★૭ કંટ્રોલ રૂમ શરૂ કરેલ છે. આ કંટ્રોલ રૂમ શરૂ કરવાથી કરચોરીના કેસો શોધી કાઢવામાં વિભાગને સારા પરિણામો મળેલ છે.

વધુમાં વિભાગ દ્વારા B-Tool વિકસિત કરાવેલ છે. જેમાં વિવિધ પ્રકારના ડેટાનો એનાલિસિસ કરી કરચોરીના સંભવિત કેસો શોધી શકાશે.

# આંતરરાષ્ટ્રીય મંચ પર ઓન લાઈન ૫૦ કવિઓ ને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય કવિ સંમેલન ઑન લાઈન અમૃત મહોત્સવ નિમિતે ૧૫ ઑગસ્ટ ૨૦૨૧ ના રોજ યોજાયું હતું આ કાર્યક્રમ માં કુલ મળીને ૫૦ જેટલા ગુજરાતી કવિ ઓ જોડાયા હતા અને રાષ્ટ્ર ભાવના પ્રેરિત રચનાઓ પ્રસ્તુત કરી હતી

આ રાષ્ટ્ર પ્રેમી કવિઓ ને સમ્માનિત કરવાનો સમારોહ આજે ઑન લાઈન યોજવામાં આવ્યો હતો જેમાં આદરણીય શ્રી વિનય કુમાર શર્મા મુખ્ય સંપાદક સંસ્કાર ન્યૂઝ, ગુજરાત ના પ્રથમ હિન્દી ન્યૂઝ પત્રિકા વૈભવ ના સંસ્થાપક કે જેઓએ ૮૦ દિવસ માં ૩૮ કાવ્ય સંગ્રહો ના સંકલન પ્રકાશિત કર્યા છે, આંતરરાષ્ટ્રીય સાહિત્ય પરિષદ ભારત ના પ્રતિનિધિ છે તેઓ ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી

આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા અતિથિ શ્રી વિનય કુમાર શર્મા, બીજા અતિથિ શ્રી ડૉ જસવંત સિંહ રાઠોડ અધ્યક્ષ અંગ્રેજી વિભાગ સરકારી વિન યન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ ભરૂચ તથા કલમ સે કલમ તક ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સુનીલ સુથાર કે જેઓ એમ પી સીસી ભાડો ત્રા ગામે કમ્પ્યુટર શિક્ષક તરીકે ફરજ બજાવે છે તે આ ત્રણેય મહાનુભાવો નું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માં ત્રણેય મહાનુભાવો એ વિદેશ ના કવિઓ શ્રી રમેશ પટેલ (આકાશદીપ) કેલિફોર્નિયા શ્રી ગોવિંદ ભાઇ પટેલ (જેસરવાકાર) કેલિફોર્નિયા તથા બિનલ પટેલ ઓસ્ટ્રેલિયા નું સમ્માન પત્ર એનાયત કરી ×અમૃત મહોત્સવ સન્માન - ૨૦૨૧ થી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગુજરાત તેમજ અન્ય પ્રદેશ ના કવિઓ પણ જોડાયા હતા તે તમામને સન્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા

ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા મંચ પર ઉપસ્થિત ડૉ શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ, ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની સરાહના કરી હતી. આ પ્રસંગે એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ઇંડિયન લાયન્સ ગાંધીનગર પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ ના અંત માં રાષ્ટ્ર ગીત જન ગણ મન અધિનાયક જય હે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

ડૉ ગુલાબચંદ પટેલ

# અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન બેઠક યોજાઈ

અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સરકારી જમીનો ખુલ્લી કરવા માટે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. કોવીડ મહામારી બાદ લાંબા સમય પછી અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલનની બેઠકમાં વેજલપુરના ધારાસભ્યશ્રી કિશોરભાઈ ચૌહાણના પ્રશ્નના સંદર્ભે અમલીકરણ અધિકારીઓને તાકીદ કરતા જિલ્લા કલેક્ટરશ્રીએ કહ્યું કે, ભવિષ્યમાં કોઈ સરકારી જમીન પર ગેરકાયદે કબજો કરવાની હિંમત ન કરે તે પ્રકારે કાર્યવાહી કરો.

જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં સાબરમતી નદીના પ્રદૂષણ અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. આ સંદર્ભે જિલ્લા કલેક્ટરશ્રીએ GPCBના સ્ટાફની પંદર દિવસમાં બેઠક યોજી કાર્યયોજના બનાવવાના નિર્દેશ આપ્યા હતા. કલેક્ટરશ્રીએ નદીના પ્રદૂષણ સંદર્ભે અમદાવાદ મહાનગરપાલિકા સાથે જરૂરી સંકલન કરી પ્રશ્નનો ઉકેલ આણવા માટે તાકીદ કરી હતી. જિલ્લા સંકલનની બેઠક પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટેનું મહત્વનું ફોરમ ગણાવતા જિલ્લા કલેક્ટરશ્રીએ આગામી માસથી તાલુકા કક્ષાએ પણ સંકલન બેઠક યોજવા માટેની તમામ પ્રાંત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. જિલ્લા સંકલનની બેઠકમાં સરકારી જમીન પર દબાણ, અંતરિયાળ વિસ્તારોમાં એસ.ટી.ની સુવિધા, જળ-જમીન પ્રદૂષણ અને કોરોનાની સભંવિત ત્રીજી લહેર માટેની જિલ્લા વહીવટીતંત્રની પૂર્વતૈયારી જેવા પ્રજાલક્ષી મુદ્દાઓની ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

સંકલનની બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પારુબહેન પઢાર,રાજયસભા સાંસદ શ્રી અમીબહેન યાજ્ઞિક, સર્વ ધારાસભ્યશ્રી બલરામ થાવાણી, શ્રી કિશોરભાઈ ચૌહાણ, શ્રી ઈમરાન ખેડાવાલા,શ્રી કનુભાઈ પટેલ, શ્રી લાખાભાઈ ભરવાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને જનસમસ્યાઓને વાચા આપી હતી. જિલ્લા સંકલનની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્ર યાદવ,નિવાસી અધિક કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમ જ જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



લાઠી ખાતે માન. કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા સાહેબની જનસભા યોજાઈ જેમાં કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,આર સી ફળદુ,હકુભા જાડેજા, NASCOB ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી,જીલ્લા અધ્યક્ષ કૌશિકભાઈ વેકરીયા,જીલ્લા પ્રભારી મંત્રી હકુભા જાડેજા,જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડીયા,પૂર્વ મંત્રીશ્રી વી વી વઘાસીયા સાહેબ અને જીલ્લા ભાજપ સંગઠન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

#JanAshirwadYatra



કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયા ની યાત્રા નું આગમન ગઢડા તાલુકાના ગઢાળી ગામે થતા જન સમુદાય દ્વારા ભવ્ય સ્વાગત સાથે સંતો ના આશીર્વાદ પ્રાપ્ત કરાયા મીડિયા ના મિત્રો દ્વારા બાઈટ લેવામાં આવી.જેમાં રાજ્યના ઉર્જા મંત્રી શ્રી સૌરભ પટેલ .આત્મારામ પરમાર ,મહેશ કસવાલા, સુરેશ ગોધાણી,ભરત ડાંગર, સહિતનાઓની હાજરી.



ગઢડા ખાતે ભાજપ ની હોદ્દેદાર બહેનોએ રક્ષાબંધન નિમિતે શ્રી મનસુખભાઈ ને રાખડી બાંધી સરકારમાં ખૂબ સેવા કરો તેવા આશીર્વાદ આપ્યા.



ભારતીય જનતા પાર્ટી ના યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી C.r. Paatil (સી.આર.પાટીલ સાહેબ) ની વિશેષ ઉપસ્થિતિમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કરાયેલ યુવા સંકલ્પયાત્રા સંદર્ભે નવસારી◌જિલ્લા◌યુવા◌મોરચા દ્વારા જલાલપોર વિધાનસભા માં આયોજિત સાયકલ યાત્રા માં સહભાગી થયાઆ પ્રસંગે ગુજરાત સરકાર ના નાયબ મુખ્ય દંડક આર.સી.પટેલ સાહેબ,નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રીભુરાભાઈ શાહ,જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહીર,જિલ્લા ભાજપ મહામંત્રીશ્રીજીગ્નેશભાઈ,અશ્વિનભાઈ , નવસારી જિલ્લા યુવા મોર્ચા પ્રમુખશ્રી મહાદેવભાઈ નાયક, પ્રદેશ ડૉક્ટર સેલ ના ડો. શિરીષભાઈ ભટ્ટ સહીત આગેવાનો,હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્તિથ રહ્યા હતા.



ડુંગરપુર ગામ ખાતે માલધારી સમાજ દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી પરસોતમ રૂપાલા સાહેબનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું.

### રાજ્ય વેરા ભવન-અમદાવાદના નવિનીકૃત મકાનનું લોકાર્પણ

# બોગસ બિલીંગ કૌભાંડ અને ટેક્સ ચોરી કરતા વ્યાપારીઓ સામે કડક પગલા લેવાશેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ



રાજ્ય વેરા ભવન અમદાવાદના નવિનિયુકત મકાનનું લોકાર્પણ કર્યા બાદ પત્રકારો સાથેના સંવાદમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું કે, ૪૦ વર્ષ જૂના બિલ્ડીગનું આજે નવીનીકરણ થઇ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ મકાન મળ્યું છે. જી.એસ.ટી. સેવાઓને દેશભરમાં ૪ વર્ષ પૂરા થયા છે ત્યારે કરવેરા ભવનનું સુદ્રઢીકરણ કરી તેને ડિજીટલ કનેક્ટિવિટી સાથે અન્ય માળખાગત સુવિધાઓથી સજ્જ કરવું સમયની માંગ હતી. જેના પર ધ્યાન કેન્દ્રિત કરીને સરકારે સંપૂર્ણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે. વેરા અને વાણિજ્યની લગતી તમામ કામગીરી અને વેરા થી થતી આવકનું સુવ્યવસ્થાપન કરવામાં આ નવીન બાંધકામમાં ઉપલબ્ધ સેવાઓ કારગર સાબિત થશે તેમ તેમણે ઉમેર્યુ હતુ. તેમણે ઉમેર્યુ કે, રાજયના અર્થતંત્રને વેગવંતુ બનાવવામાં જી.એસ.ટી. અને વેટ થી થતી આવકની અહમ ભૂમિકા છે. રાજયની અંદાજીત ૭૦ થી ૮૦ ટકા જેટલી આવક વિવિધ પ્રકારના વ્યાપાર પરના જી.એસ.ટી. અને પ્રેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટ ટેક્સમાંથી થાય છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પ્રથમ છ માસમાં જી.એસ.ટી. અને વેટમાંથી થતી આવકમાં વધારો જોવા મળ્યો છે.

તેમણે કહ્યુ કે, કોરોનાના કપરા કાળમાં રાજય અને દેશમાં જયારે લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઇ તેવા સમયે સમયે પણ રાજય સરકારે સુદ્રઢ આયોજનના લીધે જનસુખાકારીના કામો અટકવા દીધા નથી અને વિકાસયાત્રા અવિરત ચાલુ રાખી છે. કોરોનાકાળમાં પણ રાજયના નાગરિકોને સરકારી હોસ્પિટલમાં ૫૦૦૦ કરોડ રૂપિયાના માતબર ખર્ચે નિશુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવી છે. અન્ય રાજયો દ્વારા કોરોના મહામારીમાં જી.એસ.ટી. કાઉન્સીલ પાસેથી નાણાકીય સહાય માંગવામાં આવી રહી હતી ત્યારે પણ ગુજરાત રાજયે ક્યારેય જી.એસ.ટી. કાઉન્સીલ પાસે મદદ માગવી પડી નથી. ગુજરાત રાજયની ગણના દેશના વિકસીત રાજયમાં થાય છે તેને કોરોનાકાળમાં પણ રાજ્ય સરકારે સાર્થક કરી બતાવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેશના નાગરિકોને પગભર બનાવવા આત્મનિર્ભર ભારત અભિયાન કાર્યરત કરવામાં આવ્યું તેમ જણાવી નાયબ મૂખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને અમારી ટીમે ગુજરાત રાજ્ય દ્વારા આત્મનિર્ભર ગુજરાતના ઉપલક્ષ્યમાં વિવિધ નાણાકીય સેવાઓ જેવી કે ,ટેક્સ ભરવાની મુદત વધારવી, બેંકના હપ્તાના વ્યાજની મુદત વધારવી, વ્યાજદરમાં ઘટાડો કરવા જેવા પ્રજાલક્ષી નિર્ણયો હાથ ધર્યા છે. આત્મનિર્ભર પ્રોજેક્ટ હેઠળ જ રાજ્ય સરકાર દ્વારા વીજળીબીલો, પ્રોપર્ટીટેક્સમાં માફી આપીને કોર્પોરેશન, નગરપાલિકા અને ગ્રામ્ય પંચાયતોને સરકારી તીજોરીમાંથી નાણા સહાય નાગરિકો વતી કરવામાં આવી છે.

તેમણે કહ્યુ કે, કોરોનાની પરિસ્થિતિ જ્યારે નિયંત્રણ હેઠળ આવી છે ત્યારે અગાઉની જેમ જ ધંધા, રોજગારને ફરીથી પૂર્વવત કરીને રાજયના નાગરિકોના પણ આર્થિક સ્તર વેગવંતા બનાવવા સરકારે આયોજનબધ્ધ પગલા લીધા છે. કોરોના કાળના શરૂઆતના સમયમાં લોકડાઉનની પરિસ્થિતિઓમાં રાજ્ય પરિવહન ઠપ્પ થવાના કારણે પેટ્રોલ અને ડીઝલના વેટ ટેક્સમાંથી થતી આવકમાં ઘટાડો જોવા મળ્યો હતો જે આ વર્ષે પૂર્વવત બન્યો છે.

રાજયમાં જી.એસ.ટી. અમલી થયું ત્યારથી જ જી.એસ.ટી. કાઉન્સીલમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા નિયમિત પણે રાજય સરકારને જી.એસ.ટી.ના અમલીકરણ થી થતી ખોટ પૂરવા નાણાકીય સહાય કરવામાં આવી રહી છે.

ગત માસમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી તરીકેના અમારી સરકારને પાંચ વર્ષ પૂર્ણ થયા ત્યારે અમારા કાર્યકાળ દરમિયાનના કામોમાં હાલ પણ ૧.૫ લાખ કરોડથી વધુની રકમના વિવિધ પ્રકલ્પો હાલ અમલમાં છે તે અમે નોંધ્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી એ કહ્યુ કે, રાજયમાં એક જીલ્લાથી અન્ય જીલ્લા અને એક રાજયમાંથી અન્ય રાજયમાં વેપારીઓને પરિવહન માટે ૫૦ હજારથી વધુની રકમના માલ-સામાન માટે ઇ-વે બીલ ની ચૂકવણી ફરજીયાત બનાવી છે ત્યારે ગુજરાત રાજ્ય ઇ-વે બીલ જનરેશન માં પણ દેશભરમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

રાજ્ય સરકારે બોગસ બિલીંગ કરતા અને ટેક્સ ચોરી કરતા વેપારીઓ સામે લાલ આંખ કરીને કડક કાર્યવાહી કરી છે. કોરોના કાળમાં પણ ૧ હજાર કરોડના બોગસ બિલીગ કૌભાંડનો પર્દાફાશ કરીને તે તમામ વ્યાપારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરીને પ્રજાના નાણા પ્રજાના ઉત્કર્ષ માટે સંપૂર્ણપણે ઉપયોગમાં લેવામાં આવે તે માટેની સરકારની કટિબધ્ધતાનું ઉદાહરણ પૂરુ પાડ્યું છે.

આજે રાજ્ય કરવેરા ભવનના નવનિર્મિત બિલ્ડીંગના લોકાર્પણ બાદ નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ જીલ્લાની કરવેરા વિભાગની કચેરીઓના અધિકારી-કર્મચારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી.

નાણા વિભાગના મુખ્ય કમિશ્નરશ્રી જે.પી.ગુપ્તા દ્વારા જીએસટી એનાલિટીક્સ અને ઇન્ટેલીજન્સ નેટવર્ક (ય્છૈંદ્ગ) અને ઇહ્લૈંઢ આધારિત દ્વૈંઝ ની સિસ્ટમના ઉપયોગ દ્વારા મોટાપાયે ચકાસણીની કામગીરી પધ્ધતિ થી નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલને માહિતગાર કરવામાં આવ્યા હતા.

લોકાર્પણ પ્રસંગે નાણા વિભાગના મુખ્ય કમિશ્નરશ્રી જે.પી.ગુપ્તા, નાણા વિભાગના સચિવ શ્રી મીલિંદ તોરવણે, સ્પે શીયલ કમિશ્નરશ્રીસમીરવકીલ,અધિક કમીશ્નરશ્રી કિરણ ઝવેરી, રાજ્ય વેરા ભવનના અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

### નામાભિધાન કરાયેલ નવીન રાજમાર્ગને અત્યાધુનિક બનાવવા પરિવારજનો સંકલ્પબદ્ધ

# અમદાવાદ મેમનગર ના રાજમાર્ગનુ નવનીતભાઈ પટેલ માર્ગ તરીકે નામાભિધાન કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

અમદાવાદ શહેરમાં હજારો લોકોના ×ઘરના ઘરનું× સ્વપ્ન જેણે પૂર્ણ કર્યું છે, જેણે સમાજ કાર્યો અને ધાર્મિક સેવાકીય પ્રવૃતિઓથી પોતાના કામગીરી સુવાસ ચોતરફ ફેલાવી તેવા સ્વ. શ્રી નવનીત ભાઈ પટેલના જન્મ દિવસના શુભ અવસરે મેમનગરના રાજમાર્ગનું નવનીતભાઈ પટેલ માર્ગ તરીકેનું નામાભિધાન અમારા માટે ગૌરવવંતી બાબત છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, સાધનસંપન્ન વ્યક્તિઓ માટે ઉત્તરોત્તર વિકાસ કરવો ખૂબ જ સરળ બની રહે છે. જ્યારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારજનો માટે તો ઘરનું ઘર હોવું પણ એક મોટા સ્વપ્ન સમાન હોય છે.આવા હજારો પરિવારોના સ્વપ્નને દિશા આપી ને પૂર્ણ કરવામાં સ્વર્ગસ્થ શ્રી નવનીતભાઈ પટેલનો સિંહ ફાળો રહ્યો છે.

સ્વ. શ્રી નવનીતભાઈ પટેલે આર્થિક ક્ષેત્રની સાથોસાથ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પણ લોક ઉપયોગી બનવા અનેકવિધ કાર્યો કર્યા છે. લોકોને કરવામાં આવેલી મદદ ની સોડમ આજે પણ શહેરમાં અનુભવાય છે. શ્રી નવનીતભાઈ પટેલને તેમના ધર્મપત્ની શ્રીમતી ઈન્દીરાબેન પટેલ અને તેમના પુત્ર શ્રી રૂષભભાઈ પટેલ સહિતના પરિવારજનો હંમેશથી સહયોગ મળ્યો છે. પરિવારજનોના સહયોગ થકી જ તેઓએ અમદાવાદ શહેરમાં વિકાસની હરણ ફાળ ભરી હતી.

આ પ્રસંગે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે પણ કહ્યું કે, ×ઘર× ફક્ત બે અક્ષરનો શબ્દ નહી પરંતુ અપાર લાગણીઓ દર્શાવતું સરનામું છે. નવનીતભાઈએ લોકોને ફક્ત ઘર નહીં પરંતુ ગુણવત્તાયુક્ત ઘર આપીને તેમના સ્વપ્નો પૂરા કર્યા છે.પોતાનું ઘર બનાવવા લોનની સુવિધા ઉપલબ્ધ કરાવીને તેઓએ અનેકના જીવનમાં ઉજાસ પાથર્યો છે.

મંત્રીશ્રીએ નાગરિકોને ધંધો-રોજગાર સુખ-શાંતિ માટે કેન્દ્ર સરકારમાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ અવિરત પણે કાર્ય કરી રહ્યા હોવાનું જણાવી ગુજરાત રાજ્યમાં તે જ પથ ઉપર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ચાલી રહ્યા હોવાનું કહી રાજયના તમામ નાગરિકોને ઉક્ત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ હોવાનું કહ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલે નવનીત ભાઈ પટેલ સાથેના પોત-પોતાના સંસ્મરણો પણ વાગોળ્યા હતા. સ્વ. શ્રી નવનીતભાઈ પટેલના જીવન સંઘર્ષ દર્શાવતી દ્રશ્ય-શ્રાવ્ય ફિલ્મે ઉપસ્થિત તમામને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે પોતાના વડીલ, સ્નેહી નામે રાજ માર્ગનું નામાભિધાન થતાં સમગ્ર પરિવારને ભાવવિભોર બન્યો હતો.

આજના કાર્યક્રમમાં શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, દંડક શ્રી અરુણ રાજપૂત, પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, શહેર પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ, ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અગ્રણી શ્રી સુરેન્દ્ર કાકા, કોર્પોરેટરશ્રીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

# રાજ્યસભાના સાંસદ અનિલ બલુની હરિદ્વારના ગુજરાતી સમુદાયને મળ્યા




હરિદ્વાર, ૨૧/૮:

ઉત્તરાખંડના રાજ્યસભા સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી અનિલ બલુનીએ આજે આર્ય નિવાસ ખાતે હરિદ્વાર માં રહેતા ગુજરાતી સમુદાયના લોકોને મળ્યા. આ પ્રસંગે તેમણે ગુજરાત સાથે જોડાયેલી પોતાની જૂની યાદો તાજી કરી. તેમણે કચ્છ દુર્ઘટના માંથી અનેક પ્રવાસન ની વિગતો શેર કરી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે મેં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભારતના સફળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જી દ્વારા હાથ ધરવામાં આવેલી વિકાસયાત્રાને મારી પોતાની આંખોથી જોઈ છે. આર્ય નિવાસ ખાતે શ્રી અનિલ બલુની જી ના આગમન પર, હરિદ્વાર ગુજ્જુ પરિવારના વડા શ્રી રાજેશભાઈ પાઠક તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. સંસ્થાના અન્ય સભ્ય રાજેશ પ્રજાપતિ શાલ ઓઢાડી ને તેમનું સ્વાગત કર્યું હતું. આ ચર્ચા અંગે રાજેશ પાઠકે જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ ઉત્તરાખંડમાં રહેતા ગુજરાતી સમુદાયના લોકોની સુખાકારી ની જાણકારી અને પરિચય આપવાનો હતો. પર્યાવરણ સંરક્ષણ ને ધ્યાનમાં રાખીને એક નવી પહેલ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો. હરિદ્વાર ગુજ્જુ પરિવાર વતી, શ્રી કીર્તન દેસાઇ જી એ શ્રી અનિલ બલુની જીને રુદ્રાક્ષ નો છોડ અર્પણ કર્યો. આ પ્રસંગે લક્ષ્મણભાઈ, મિલનભાઈ, પ્રિતેશભાઈ, પવનભાઈ, રમેશભાઈ, લહરભાઈ અને ગુજરાતી કોર ટીમના જેરામભાઈ સાથે પ્રદેશ ભાજપ પ્રવક્તા શ્રી બિપીન જી ઉપસ્થિત રહ્યા હતા.

### ખાડિયા વોર્ડ મહિલા મોરચા દ્વારા રાયપુર કામનાથ મહાદેવ ખાતે રક્ષાબંધન અને વેક્શીન કેમ્પ યોજાયો



આજરોજ રાયપુર કામનાથ મહાદેવ ખાતે ખાડિયા વોર્ડ મહિલા મોરચા દ્વારા રક્ષાબંધન અને વેકેશીન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ આ કાર્યક્રમ મા પોલીસ ખાતા ના ભાઇ ઓ સફાઈ કામદારો. મંદિર ના ટ્રસ્ટી પીનાકીનભાઈ આનંદ ભાઈ અમદાવાદ શહેર ભાજપ ના મહામંત્રી ભુષણભાઈ ભટ્ટ ખાડિયા વોર્ડ ના મ્યુનિસિપલ.કાઉન્સિલર વિસ્તાર ના રહીશો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

# પ્રતિષ્ઠિત યુનિરેક્ક મેળવીને જીટીયુએ સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ટેક્નિકલ શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે દેશમાં સતત અગ્રેસર રહી છે. ઈનોવેશન , સ્ટાર્ટઅપ કે પછી ડિજીટલાઈઝેશન જેવા મહત્વના વિષયો પર જીટીયુ હંમેશા વિદ્યાર્થીઓ માટે કાર્યરત હોય છે. તાજેતરમાં યુનિરેક્ક દ્વારા ભારતની કુલ ૮૮૪ યુનિવર્સિટીઝ અને શૈક્ષણીક સંસ્થાઓ માટે યુનિરેક્ક જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યમાંથી પ્રથમ સ્થાને રહીને જીટીયુએ સતત ૨જી વખતે પણ યુનિરેક્ક પ્રાપ્ત કર્યો છે.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, જીટીયુના તમામ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની અથાગ મહેનતનું આ પરિણામ છે. જે આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ માટે પણ લાભદાયી થશે.

યુનિરેક્ક એ ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય રેક્કિંગ આપતી ડેટાબેઝ સર્ચ એન્જીન છે. જે ૨૦૦ થી વધારે દેશની ૧૩૮૦૦થી વધુ માન્ય યુનિવર્સિટી અને શૈક્ષણીક સંસ્થાઓનું રેક્કિંગ કરે છે. તેના દ્વારા વિવિધ યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો અને વિદ્યાર્થીઓ માટે ચાલતી વિશેષ પ્રવૃત્તિ ઉપરાંત આર્ટીફિશલ ઈન્ટેલિજન્સ અને વેબ ઈન્ટલિજન્સના માધ્યમ થકી યુનિવર્સિટીમાં ચાલતી વિવિધ ઈ- પ્રવૃત્તિને પ્રાધાન્ય આપીને રેક્કિંગ જાહેર કરવામાં આવે છે. જીટીયુ રાજ્યમાં પ્રથમ સ્થાને તથા સમગ્ર દેશમાં ૨૭માં ક્રમે પસંદગી પામેલ છે. સતત ૨જી વખત આ રેક્ક મેળવનાર જીટીયુ રાજ્યની એકમાત્ર યુનિવર્સિટી છે. આઈ-ટી બેઝ્ડ તમામ પ્રકારની ડિજીટલાઈઝેશન સિસ્ટમ , સ્ટાર્ટઅપ અને ઈક્યુબેશન સેન્ટર વગેરે જેવા સકારાત્મક પરિબળો થકી આ રેક્કિંગ મેળવવામાં જીટીયુ અગ્રસ્થાને રહી છે. યુનિરેક્કની કાર્યપ્રણાલી મુજબ કોઈ પણ યુનિવર્સિટી તરફથી રેક્કિંગ સંદર્ભીત આવેદન મંગાવવામાં આવતું નથી. પરંતુ જે-તે યુનિવર્સિટીની વેબસાઈટના સર્ચીંગથી લઈને તેના પર રહેલ ટ્રાફિક વગેરેને આધારે રેક્ક જાહેર કરાય છે.





અખિલ હિન્દુસ્તાની વિકલાંગ સંગઠન અને શ્રી.બંકિમ પાઠક (બીગ બી ઓફ ગુજરાત ) તથા અંધજન મંડળ વસ્ત્રાપુર દ્વારા પ્રેમ રક્ષા ના પર્વ રક્ષાબંધન ના ×૫૧ દિવ્યાંગ બહેનો કૉરોનાની ગાઈડન્સ નુ અનુસાર રક્ષાબંધન ના પર્વ ની ઊજવણી નુ આયોજન કરેલ છે. આપ આપને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ, કે આપના મીડિયામાં આ કવરેજ કરી દિવ્યાંગ બહેનોને પ્રોત્સાહિત કરશો.

તારીખ: ૨૨/૦૮/૨૧ સમય. ૧૦:૦૦ સવારે.

સથળ. અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.